# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :—**

**વિષય: "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી અંતર્ગત કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવા બાબત**

**સંદર્ભ:ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક:ISC-7/યુનિ./૨૦૨૧ તા.૨૩/૦૮/૨૦૨૧**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના સંદર્ભ પત્ર અનુસાર "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિની રાજયકક્ષાએ ઉજવણી કરવાનું નિયત કરવામાં આવેલ છે જેમાં ગુજરાતી સાહિત્યકાર "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓનું કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન અનુસ્નાતક ભવનો તેમજે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો કક્ષાએ કરવાનું રહેશે.

ઉકત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે તા.૨૯/૦૮/૨૦૨૧ થી ૦૪/૦૯/૨૦૨૧ના રોજ અનુસ્નાતક ભવનો ખાતે તેમજ કોલેજ કક્ષાએ કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને જે તે કોલેજ કક્ષાએ સર્ટીફીકેટ એનાયત કરવાના રહેશે.

અનુસ્નાતક ભવનો તેમજ કોલેજ કક્ષાએ કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે પસંદગી પામેલા વિદ્યાર્થીનું નામ તા.૦૪/૦૯/૨૦૨૧ સુધીમાં academicbknmu@gmail.com ઈમેઈલ મારફતે યુનિવર્સિટી ખાતે મોકલી આપવાનું રહેશે, તેમજ તા.૦૫/૦૯/૨૦૨૧ થી ૨૦/૦૯/૨૦૨૧ યુનિવર્સિટી ખાતે યોજનાર કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધામાં ઉપસ્થિત રહેવા જાણ કરવાની જવાબદારી અનુસ્નાતક ભવનો તેમજ જે તે કોલેજોની રહેશે.

યુનિવર્સિટી ખાતે યોજાનાર કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ,દ્વિતિય તથા તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીને પુરસ્કાર આપવામાં આવશે તથા પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને યુનિવર્સિટી દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૧(ક્રમાંનુસાર)ના રોજ કે. સી. જી. અમદાવાદ ખાતે રાજયકક્ષાએ યોજાનાર કાવ્ય પઠન સ્પર્ધામાં મોકલવામાં આવશે.

ઉકત સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે **ડૉ. રૂપા બી. ડાંગર (મો. ૯૫૧૨૦૫૫૦૨૫ rupadangar18@gmail.com)** નો સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે **"આઝાદી કા અમૃત મહોત્સવ"** કાર્યક્રમ હેઠળ કોલેજ કક્ષાએ યોજાનાર કાર્યક્રમોનો અહેવાલ અને ફોટોગ્રાફ યુનિવર્સિટી ખાતે મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

કા. કુલસચિવ

બિડાણ: સંદર્ભ પત્રની નકલ

**નં. :બીકેએનએમયુ/એકેડેમિક/ ૧૦૫૮/૨૦૨૧**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૨૭/૦૮/૨૦૨૧

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :—**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.


જા.નંબર : ISC-7/ યુનિ./૨૦૨૧/ તા. ૨૩/૦૮/૨૦૨૧

પ્રતિ,
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ.
- આચાર્યશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી સંસ્થાઓ

વિષય : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે મેઘાણીના ગીતોની સ્પર્ધા યોજવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે માન. મુખ્યમંત્રી દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્ય કાર્યક્રમ તથા ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં યુનિવર્સીટીઓ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની જિલ્લાકક્ષાની કચેરી દ્વારા તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ કાર્યક્રમ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોની સ્પર્ધાના આયોજની જાહેરાત કરવામાં આવનાર છે.

જેના ભાગરૂપે તા.૨૯/૦૮/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૧ દરમ્યાન શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે રાજયની તમામ કોલેજો, યુનિવર્સિટી તેમજ રાજ્ય કક્ષાએ મેઘાણીના ગીતોની સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| સ્પર્ધાનું નામ : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત અને સંપાદિત ગીતોનું કાવ્યગાન (શૌર્યગીત, લોકગીત વગેરે) | | | |
|---|---|---|---|
| ક્રમ | કાર્યક્રમ | તારીખ | સર્ટીફીકેટ/ઈનામ |
| ૧ | કોલેજ કક્ષાએ | ૨૯/૮/૨૦૨૧ થી ૪/૯/૨૦૨૧ | પ્રથમ, દ્વીતીય તથા તૃતીય ક્રમના વિજેતાઓને સર્ટીફીકેટ |
| ૨ | યુનિવર્સિટી કક્ષાએ | ૫/૯/૨૦૨૧ થી ૨૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૨,૧૦૦, દ્વીતીય વિજેતાને રૂ.૧,૫૦૦ તથા તૃતીય વિજેતાને રૂ.૧,૦૦૦ |
| ૩ | રાજ્ય કક્ષાએ | ૨૧/૯/૨૦૨૧ થી ૩૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૧૧,૦૦૦, દ્વીતીય વિજેતાને રૂ.૭,૫૦૦, તૃતીય વિજેતાને રૂ. ૫,૦૦૦, ચતુર્થ વિજેતાને રૂ. ૪,૦૦૦ તથા પાંચમા વિજેતાને રૂ.૩,૦૦૦ |

ઉક્ત સ્પર્ધાઓ માટે આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાંથી વધુને વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધમાં ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. કોલેજ કક્ષાએ નિર્ણાયકો તરીકે (૧) આચાર્યશ્રી ના પ્રતિનિધિ (૨) યુવા સાંસ્કૃતિક વિભાગના જિલ્લા કક્ષાના અધિકારી/તેમના પ્રતિનિધિ (૩) લોકસાહિત્યકાર હોય તે ઇચ્છનીય છે.

કોલેજ કક્ષાએ પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતાઓને યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી પુરસ્કાર/ઈનામ આપવાનું રહેશે. યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધા માટે નિર્ણાયકો તરીકે (૧) યુનિવર્સિટીના પ્રતિનિધિ (૨) કલેક્ટર કચેરીના પ્રતિનિધિ (૩) યુવા સાંસ્કૃતિક વિભાગના પ્રતિનિધિ (૪) લોકસાહિત્યકાર હોય તે ઇચ્છનીય છે.

યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમે આવેલ વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૧/૦૯/૨૦૨૧ના રોજ કે.સી.જી. કચેરી, અમદાવાદના સંકલનમાં રહી આપની યુનિવર્સિટીના નોડલ અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં કે.સી.જી. કચેરી, અમદાવાદ ખાતે મોકલી આપવાના રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધા માટેના નિર્ણાયકો કે.સી.જી. કચેરીએ રમત-ગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના સંકલનમાં રહી નક્કી કરવાના રહેશે.

ઉપરોકત તમામ કાર્યવાહી એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ તથા ઓ.એસ.ડી, શ્રી આર.કે.શાહ (AISHE)ના (ઈ-મેલ : sno-aishe@gujgov.edu.in, sno-kcg@gujarat.gov.in સંપર્ક નં.7574827504) સંકલનમાં રહીને પૂર્ણ કરવાની રહેશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

નિયામક
ટેકનિકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ:-

- એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ
- શ્રી આર.કે.શાહ(AISHE), કે.સી.જી. કચેરી, અમદાવાદ